# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-03-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પુનરોચ્ચાર કર્યો છે કે ભાજપની આગેવાની હેઠળની NDA સરકાર ખેડૂતોના કલ્યાણ માટે સમર્પિત છે.
2. પ્રધાનમંત્રી આસામના કોકરાઝારમાં 4 હજાર 570 કરોડના વિવિધ વિકાસ કામોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.
3. પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારતે ઈરાનને ઊર્જા અને માલસામાનના અવિરત પુરવઠાના મહત્વ પર ભાર મૂક્યો
4. લોકસભાએ આજે વર્ષ 2025-26 માટે પૂરક અનુદાનને મંજૂરી આપી
5. સરકારે કહ્યું કે દેશ હિંદ મહાસાગર ક્ષેત્રમાં સુરક્ષા અને આર્થિક હિતોને અસર કરતા તમામ વિકાસ પર નજીકથી નજર રાખી રહ્યો છે.

.........................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM ASSAM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પુનરોચ્ચાર કર્યો છે કે ભાજપની આગેવાની હેઠળની NDA સરકાર ખેડૂતોના કલ્યાણ માટે સમર્પિત છે અને તેમની આવક વધારવા અને દેશના કૃષિ ક્ષેત્રને આધુનિક બનાવવા માટેની પહેલોને પ્રાથમિકતા આપી રહી છે.

BYTE : PM KISHAN NIDHI YOJNA

દેશભરના 9.32 કરોડથી વધુ ખેડૂતો માટે PM-KISAN યોજનાનો 22મો હપ્તો જાહેર કર્યા પછી ગુવાહાટીમાં એક જાહેર સભાને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે છેલ્લા 11 વર્ષ દરમિયાન, ભાજપની આગેવાની હેઠળની સરકારે ખેડૂતોની આવક વધારવા માટે અનેક પગલાં લીધાં છે. પ્રધાનમંત્રીએ કેન્દ્રમાં તેના 10 વર્ષના શાસન દરમિયાન કૃષિ ક્ષેત્રની અવગણના કરવા બદલ કોંગ્રેસ પાર્ટીની પણ ટીકા કરી.

આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ ભૂમિપૂજન કર્યું અને આશરે 19 હજાર 680 કરોડના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પિત કર્યું. પ્રધાનમંત્રીએ નોર્થ ઇસ્ટ ગેસ ગ્રીડના ફેઝ 1નું પણ ઉદ્ઘાટન કર્યું; પ્રધાનમંત્રીએ કુરકાટિંગ-તિનસુકિયા રેલ લાઇન ડબલિંગ પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કર્યો. જળમાર્ગ ક્ષેત્રમાં, પ્રધાનમંત્રીએ વિશ્વનાથ જિલ્લાના

વિશ્વનાથ ઘાટ અને જોરહાટ જિલ્લાના નેમાટી ખાતે ક્રુઝ ટર્મિનલનો શિલાન્યાસ કર્યો. પ્રધાનમંત્રીએ દિબ્રુગઢના બોગીબીલ ખાતે પ્રાદેશિક શ્રેષ્ઠતા કેન્દ્રનું ભૂમિપૂજન પણ કર્યું; પ્રધાનમંત્રીએ ગુવાહાટીમાં પાંડુ જેટ્ટીને NH-27 સાથે જોડતા અભિગમ માર્ગનું ઉદ્ઘાટન કર્યું.

પ્રધાનમંત્રીએ ગુવાહાટીમાં પીએમ એકતા મોલનું પણ ઉદ્ઘાટન કર્યું.

પ્રધાનમંત્રીએ વર્ચ્યુઅલી 'આસામ માલા 3.0' રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ, ચાર ફ્લાયઓવર અને BTC વિસ્તારમાં બે પુલનો શિલાન્યાસ કર્યો.

BYTE : BODO LINE

આ જ પ્રસંગે, પ્રધાનમંત્રીએ કોકરાઝાર જિલ્લાના બાસબારી ખાતે રેલવે 'પીરિયોડિક ઓવરહોલિંગ વર્કશોપ'નો શિલાન્યાસ કર્યો, અને ત્રણ નવી ટ્રેનોને લીલી ઝંડી પણ આપી. પ્રધાનમંત્રીએ રાજ્યના 34 જિલ્લાઓમાં 36 નવા પુલોનો શિલાન્યાસ પણ કર્યો. આવતીકાલે, પ્રધાનમંત્રી સિલચર જશે, જ્યાં તેઓ 23 હજાર 550 કરોડના વિવિધ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે અને તેમને રાષ્ટ્રને સમર્પિત કરશે.

# GOVERNMENT BRIEFING IN WEST ASIA

પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારતે ઈરાનને ઊર્જા અને માલસામાનના અવિરત પુરવઠાના મહત્વ પર ભાર મૂક્યો છે. પશ્ચિમ એશિયામાં તાજેતરના વિકાસ પર આંતર-મંત્રાલય સ્તર ની પત્રકાર પરિષદને સંબોધતા, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે સાંજે ઈરાનના રાષ્ટ્રપતિ ડૉ. મસૂદ પેઝેશ્કિયન સાથે વાત કરી હતી અને ઈરાન સહિત આ ક્ષેત્રમાં ભારતીય નાગરિકોની સલામતી અને સુખાકારી માટે ભારતની પ્રાથમિકતાનો પુનરોચ્ચાર કર્યો હતો. શ્રી જયસ્વાલે કહ્યું કે ભારત વાતચીત અને રાજદ્વારી દ્વારા તમામ મુદ્દાઓનું નિરાકરણ લાવવાનું પોતાનું વલણ જાળવી રાખે છે.

(BYTE : RANDHIR-JAISWAL-ON-PM-TALK)

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના વિશેષ સચિવ રાજેશ કુમાર સિંહાએ જણાવ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટની પશ્ચિમમાં 24 ભારતીય ધ્વજવાળા જહાજો છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે ભારત પેટ્રોલ અને ડીઝલ ઉત્પાદનમાં આત્મનિર્ભર છે. બધી રિફાઇનરીઓ 100% ક્ષમતા પર કાર્યરત છે. વાહનો માટે સ્થાનિક PNG અને CNG કોઈપણ વિક્ષેપ વિના 100% પૂરા પાડવામાં

આવશે. માહિતી અને પ્રસારણ મંત્રાલયના સંયુક્ત સચિવ સેન્થિલ રાજને જનતાને અપીલ કરી હતી કે તેઓ ફક્ત ઓઇલ માર્કેટિંગ કંપનીઓની સત્તાવાર વેબસાઇટ, IVRS કોલ્સ, SMS બુકિંગ, WhatsApp બુકિંગ અને મોબાઇલ એપ્લિકેશન દ્વારા જ તેમના LPG સિલિન્ડર બુક કરાવે. તેમણે દરેકને સતર્ક રહેવા વિનંતી કરી.

# SHEKHAWAT PURI LPG

કેન્દ્રીય પ્રવાસન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે આજે પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરી સાથે મુલાકાત કરી અને વાણિજ્યિક LPG પરિસ્થિતિ અને આતિથ્ય અને પર્યટન ક્ષેત્ર પર તેની અસર અંગે ચર્ચા કરી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શેખાવતે જણાવ્યું હતું કે આજથી વ્યવસાયોને સરેરાશ માસિક વાણિજ્યિક LPG જરૂરિયાતના 20 ટકા ફાળવવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે હોટલ અને રેસ્ટોરન્ટ માટે વધારાનો પુરવઠો સુનિશ્ચિત કરવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે.

# S. JAISHANKAR - IRAN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે રાત્રે ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી સાથે વાત કરી હતી. સોશિયલ મીડિયા સંદેશ માં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે દ્વિપક્ષીય બાબતો તેમજ બ્રિક્સ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી.

# MEA- IRAN FACT CHECK

વિદેશ મંત્રાલયના ફેક્ટ ચેકિંગ યુનિટે સોશિયલ મીડિયાના દાવાઓનું ખંડન કર્યું છે જેમાં કહેવામાં આવ્યું હતું કે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયને ભારતીય જહાજોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાની મંજૂરી આપવાની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વિનંતીને નકારી કાઢી હતી. ફેક્ટ ચેકિંગ યુનિટે આ દાવાને ખોટો ગણાવ્યો છે.

યુનિટે એ અહેવાલોનું પણ ખંડન કર્યું છે કે ઈરાન અમેરિકા અને ઇઝરાયલ સાથે જોડાયેલા દેશો, ખાસ કરીને ભારતને પ્રવેશવાની મંજૂરી આપશે નહીં

# MEA - NAVY FACT CHECK

વિદેશ મંત્રાલયના ફેક્ટ ચેક યુનિટે સોશિયલ મીડિયા પર ફરતા દાવાઓનું ખંડન કર્યું છે કે ભારતે ઈરાનને ધમકી આપી છે અને ભારતીય નૌકાદળ પશ્ચિમ એશિયાઈ દેશ સામે સમુદ્રમાં પ્રવેશ્યું છે. ફેક્ટ ચેક યુનિટે આ દાવાઓને ખોટા ગણાવ્યા છે. મંત્રાલયે સોશિયલ મીડિયા પર ફરતા ખોટા દાવાઓને પણ ફગાવી દીધા છે કે ભારતે ઈરાનને ચેતવણી આપી છે કે જો હોર્મુંઝ સ્ટ્રેટ ફરીથી ખોલવામાં નહીં આવે, તો ભારતીય નૌકાદળ ઈરાની ઠેકાણાઓને નિશાન બનાવીને ઈરાન વિરુદ્ધ મોટું ઓપરેશન શરૂ કરશે.

# REFORMS IN LOK SABHA - SITHARAMAN

લોકસભાએ આજે વર્ષ 2025-26 માટે પૂરક અનુદાનને મંજૂરી આપી. આ અંતર્ગત, સરકારે 2 લાખ 81 હજાર કરોડ રૂપિયાથી વધુના કુલ વધારાના ખર્ચની માંગણી કરી હતી. વધારાના ખર્ચની મંજૂરી મુખ્યત્વે ખાતરો, ખાદ્ય સબસિડી અને સંરક્ષણ સેવાઓ પર વધેલા ખર્ચને પહોંચી વળવા માટે માંગવામાં આવી હતી.

આજે ગૃહમાં ચર્ચાનો જવાબ આપતા નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે પૂરક અનુદાનમાં 61 માંગણીઓનો સમાવેશ થાય છે. સરકારે એકંદર મેક્રોઇકોનોમિક માળખાને મજબૂત બનાવ્યું છે, જેનાથી દેશ નાણાકીય એકીકરણના માર્ગથી ભટક્યા વિના આર્થિક આંચકાઓનો સામનો કરી શકે છે.

લોકસભાએ આજે વિનિયોગ બિલ, 2026 પણ પસાર કર્યું. આ બિલ નાણાકીય વર્ષ 2025-26 ની સેવાઓ માટે ભારતના સંકલિત ભંડોળમાંથી કેટલીક વધારાની રકમની ચુકવણી અને વિનિયોગને અધિકૃત કરે છે. ત્યારબાદ ગૃહ સોમવારે સવારે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યું હતું.

# RAJYA SABHA PRASAR BHARATI

સરકારે આજે જણાવ્યું હતું કે પ્રસાર ભારતી દ્વારા ઉત્પાદિત અથવા કમિશન કરાયેલ સામગ્રી માટે પ્રસાર ભારતી પાસે કૉપિરાઇટ રહે છે અને મીડિયા પ્રોડક્શન હાઉસ દ્વારા કૉપિરાઇટ ઉલ્લંઘનના કોઈ તાજેતરના કેસ નોંધાયા નથી. રાજ્યસભામાં એક લેખિત જવાબમાં, માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને જણાવ્યું હતું કે પ્રસાર ભારતી નિયમિતપણે મધ્યસ્થી પ્લેટફોર્મ પર વ્યક્તિગત વપરાશકર્તાઓ દ્વારા કૉપિરાઇટ ઉલ્લંઘનનું નિરીક્ષણ કરે છે અને તેના પર પગલાં લે છે. તેમણે જણાવ્યું હતું કે ઉત્પાદન કાર્યના પેટા કોન્ટ્રાક્ટના કોઈ કેસ પ્રસાર ભારતીના ધ્યાન પર આવ્યા નથી. ડૉ. મુરુગને એમ પણ જણાવ્યું હતું કે દૂરદર્શન પર "ક્રિએટર્સ કોર્નર" ની શરૂઆત એક સક્રિય પહેલ છે જે જાહેર સેવા પ્રસારણકર્તા તરીકે તેના આદેશને આગળ ધપાવે છે.

# LOK SABHA - TRANSGENDER BILL

સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રી ડૉ. વીરેન્દ્ર કુમારે આજે લોકસભામાં ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓના અધિકારોનું સંરક્ષણ સુધારો વિધેયક, 2026 રજૂ કર્યું. આ વિધેયકનો હેતુ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓના અધિકારોનું રક્ષણ અધિનિયમ, 2019 માં સુધારો કરવાનો છે.

# JAISHANKAR - INDIAN OCEAN

સરકારે આજે જણાવ્યું હતું કે દેશ હિંદ મહાસાગર ક્ષેત્રમાં સુરક્ષા અને આર્થિક હિતોને અસર કરતા તમામ વિકાસ પર નજીકથી નજર રાખી રહ્યો છે. લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું હતું કે સરકાર હિંદ મહાસાગરમાં દેશના હિતોનું રક્ષણ કરવા માટે જરૂરી પગલાં લઈ રહી છે. હિંદ મહાસાગર ક્ષેત્ર સહિત અન્ય દેશો સાથે ભારતના સંબંધો સ્વતંત્ર છે.

# SRI LANKA-IRAN SAILORS

શ્રીલંકાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું છે કે IRIS દેના જહાજ પર માર્યા ગયેલા 84 ઈરાની ખલાસીઓના મૃતદેહ આજે એક ખાસ વિમાન દ્વારા સ્વદેશ પરત લાવવામાં આવશે. શ્રીલંકાના દક્ષિણ પાણીમાં અમેરિકન સબમરીન દ્વારા આ ઈરાની જહાજ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ ખાસ વિમાન મટ્ટાલા આંતરરાષ્ટ્રીય વિમાનીમથકથી ઈરાન માટે રવાના થશે.

# SUPREME COURT MONTHLY LEAVE

સર્વોચ્ચ અદાલતે આજે મહિલા વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ માટે માસિક ધર્મ રજા પર રાષ્ટ્રવ્યાપી નીતિની માંગ કરતી જાહેર હિતની અરજી પર સુનાવણી કરવાનો ઇનકાર કર્યો હતો.

અદાલતે જણાવ્યું હતું કે કોઈ પણ તેમને આ રીતે નોકરી પર રાખશે નહીં. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે આવી જોગવાઈઓ જાણી જોઈને પુરુષો અને સ્ત્રીઓ વચ્ચે ભેદભાવની પૂર્વધારણાઓને મજબૂત બનાવશે. મુખ્ય ન્યાયામૂર્તિ સૂર્યકાંત અને ન્યાયામૂર્તિ જોયમલ્યા બાગચીએ જણાવ્યું હતું કે સક્ષમ અધિકારી આ બાબત પર વિચાર કરી શકે છે અને તમામ હિતધારકો સાથે વિચારવિમર્શ કરીને માસિક ધર્મ રજા પર નીતિ બનાવવાની શક્યતાનું મૂલ્યાંકન કરી શકે છે.